આદર્શ નિવાસી શાળા (વિ.જા.) કુમાર, ભાવનગર માટે
મકાન ભાડેથી રાખવાની મંજૂરી આપવા બાબત

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
ઠરાવ ક્રમાંક:SJED/WRT/e-file/17/2025/3001/A-1 Section
સચિવાલય, ગાંધીનગર.
તા. ઇ- સાઇન મુજબ.

**વંચાણે લીધા:-**

(૧) આ વિભાગનો તા.૨૦/૧૦/૨૦૨૨નો ઠરાવ ક્ર: અનશ/૧૦૨૦૦૭/૧૨૧૪/અ.૧

(૨) નાણાકીય સત્તા(સોંપણી) નિયમો, ૧૯૯૮.

(3) નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણનો તા.૧૫/૧૧/૨૦૨નો પત્ર ક્ર: DDCW/ 0098/11/2025.

**આમુખ:-**

વંચાણે લીધેલ ક્રમ (૧) પરના આ વિભાગના ઠરાવથી આદર્શ નિવાસી શાળા (વિ.જા) કુમાર ભાવનગર માટે શ્રી ભારતીય કેળવણી ટ્રસ્ટ, વડોદરા સંચાલિત સંગમ મહિલા સેવા સંઘ ભાવનગર ખાતેના મકાન પ્રતિમાસ રૂ.૪૯,૯૦૦/- (અંકે રૂપિયા ઓગણપચાસ હજાર નવસો પુરા) થી ભાડેથી રાખવાની શરતોને આધીન મંજૂરી આપવામાં આવેલ હતી. નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ દ્વારા ઉક્ત વંચાણે લીધેલ ક્રમ (૨) પરના પત્રથી આદર્શ નિવાસી શાળા (વિ.જા.) કુમાર, જિ.ભાવનગર માટે પ્લોટ નં.૩૧/એ અને પ્લોટ નં.૩૧/બી, શિવમ, દુ:ખીશ્યામબાપા સર્કલ પાસે, તળાજા રોડ, જિ.ભાવનગર ખાતે શ્રી ધીરજલાલ બચુભાઇ ધાંધલીયા તથા શ્રી ભુપતભાઇ બચુભાઇ ધાંધલીયાની સંયુક્ત માલિકીનું મકાન માસિક રૂ.૧,૬૦,૦૦૦/- ના ભાડેથી, મકાનનો કબજો મેળવે તે તારીખથી એક વર્ષ સુધી ભાડેથી રાખવા માટેની મંજૂરી આપવા અત્રે દરખાસ્ત કરેલ હતી. જે બાબત સરકારશ્રીના વિચારણા હેઠળ હતી.

**ઠરાવ:-**

પુખ્ત વિચારણાના અંતે આદર્શ નિવાસી શાળા (વિ.જા.) કુમાર, જિ.ભાવનગર માટે પ્લોટ નં.૩૧/એ અને પ્લોટ નં.૩૧/બી, શિવમ, દુ:ખીશ્યામબાપા સર્કલ પાસે, તળાજા રોડ, જિ.ભાવનગર ખાતે શ્રી ધીરજલાલ બચુભાઇ ધાંધલીયા તથા શ્રી ભુપતભાઇ બચુભાઇ ધાંધલીયાની સંયુક્ત માલિકીનું મકાન માસિક રૂ.૧,૬૦,૦૦૦/- ના ભાડેથી, મકાનનો કબજો મેળવે તે તારીખથી એક વર્ષ સુધી ભાડેથી રાખવા નીચેની શરતોને આધીન આથી મંજૂરી આપવામાં આવે છે.

**શરતો:-**

1. જે તારીખે મકાનનો કબજો મેળવવામાં આવે તે તારીખથી મકાનનું ભાડું ચૂકવવાનું રહેશે.
2. આ મકાન ભાડે રાખ્યા બાદ મકાન ભાડે રાખ્યા અંગેનો કરાર કરવાનો રહેશે.
3. આ મકાનમાં આદર્શ નિવાસી શાળાને અનુરૂપ જરૂરી સુધારાવધારા મકાન માલિકે પોતાના ખર્ચે કરી આપવાના રહેશે.
4. મકાનમાં છાત્રો માટે જરૂરી સંખ્યામાં સંડાસ, બાથરૂમની સગવડ મકાન માલિકે પોતાના ખર્ચે કરી આપવાની રહેશે. તમામ બાથરૂમ/સંડાસ સ્વચ્છ રાખવાની તથા મેઈન્ટેન્સની જવાબદારી મકાન માલિકની રહેશે.
5. મકાન માલિકે વીજળી, પાણી, ટ્યુબલાઇટ, પંખાની પુરતી સગવડ પુરી પાડવાની રહેશે.
6. મકાન ભાડે રાખવાની અન્ય સરકારી હુકમો/શરતોનું પાલન કરવાનું રહેશે.
7. આ અંગેનો ખર્ચ ચાલુ વર્ષે મંજૂર થયેલ ગ્રાન્ટમાંથી કરવાનો રહેશે.
8. સદરહુ આદર્શ નિવાસી શાળા માટે સરકારી મકાન બાંધકામની હવે પછીની તમામ કાર્યવાહી માર્ગ અને મકાન વિભાગના પરામર્શમાં ઝડપથી પૂર્ણ કરવાની જવાબદારી નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણની કચેરીની રહેશે.
9. ફાયર સેફટી અંગેની વખતોવખતની સરકારશ્રીની ગાઈડલાઈન્સનું પાલન કરવાનું રહેશે.

Signature Not Verified
Signed by : Kalpanaben V Rana
Under Secretary
Social justice and
Empowerment Department
Date : 2026.02.10 12:15:46 IST


Open the document in Adobe Acrobat DC to verify the E-sign

10. આ મકાનનો વેરો મકાનમાલિકે ભરવાનો રહેશે.

આ હુકમો આ વિભાગની સમાનાંકી ફાઇલ પર નાણા વિભાગની તા.૦૫/૦૨/૨૦૨૬ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

**(કલ્પના રાણા)**
ઉપ સચિવ
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

**<u>નકલ રવાના:-</u>**

(૧) નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
(૨) એકાઉન્ટન્ટ જનરલશ્રી, રાજકોટ/અમદાવાદ
(3) પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર
(૪) જિલ્લા તિજોરી અધિકારીશ્રી, ભાવનગર.
(૫) જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રી, ભાવનગર [નિયામકશ્રી(વિ.જા.ક.) મારફત]
(૬) નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર

(૭) સેકશન અધિકારીશ્રી (કોમ્પ્યુટર સેલ શાખા), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર તરફ વિભાગની વેબસાઇટ પર મૂકવાની વિનંતીસહ.

(૮) સિલેકટ ફાઇલ-૨૦૨૬.

Signature Not Verified
Signed by : Kalpanaben V Rana
Under Secretary
Social justice and
Empowerment Department
Date : 2026.02.10 12:15:46 IST


Open the document in Adobe Acrobat DC to verify the E-sign